


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૭-૧૦-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ આસો વદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૩૭૨







# વડાપ્રધાનનાં કાર્યક્રમ પુર્વે અમરેલી સરકારી વાહનોથી છલકાયું

## દુધાળામાં કાર્યક્રમ : રૂા.૪,૯૦૦ કરોડનાં વિકાસ કામોનું વડાપ્રધાન લોકાર્પણ કરશે : વડાપ્રધાનની સુરક્ષા માટે સજ્જડ વ્યવસ્થા

અમરેલી,શ્રી નરેન્દ્ર મોદીનાં કાર્યક્રમ માટે તડામારતૈયારીઓનેઆખરીઓપઆપવામાં આવ્યો છે અને વડાપ્રધાનનાં કાર્યક્રમ પુર્વે અમરેલી સરકારી વાહનોથી છલકાયું છે. લાઠીનાં દુધાળામાં કાર્યક્રમ દરમિયાન રૂા.૪,૯૦૦કરોડનાંવિકાસકામોનુંવડાપ્રધાન લોકાર્પણ કરશે સાથે સાથે સરકારી કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનની સુરક્ષા માટે સજ્જડ વ્યવસ્થાઅનેસરકારીનિયમોનુસારનાંપ્રોટોકોલ મુજબ કાર્યક્રમોનાં રિહર્સલ કરાઇ રહ્યાં છે. રાજ્યભરમાંથી ટોચના અધિકારીઓ અમરેલીમાં આવી ચુક્યાં છે.


















## રાજુલાનાં વડ, છતડીયા, ભેરાઇ સહિતનાં ગામોમાં કેન્સરનાં દર્દીઓમાં ચિંતા જનક વધારો

# રાજુલાનાં ગામો કેન્સરનાં ભરડામાં : યમરાજાનો હાહાકાર

### રાજુલાનાં છતડીયા, વડ અને ભેરાઇનાં ૧૦ દર્દીઓનાં કેન્સરનાં કારણે મોત નિપજ્યાં

### જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં કેન્સરનાં મુળ અંગે તપાસ કરવી જરૂરી

### રાજુલા તાલુકામાં સૌથી વધારે કેન્સરનાં દર્દીઓનું પ્રમાણ વડ બાદ ભેરાઇ ગામમાં

### માત્ર પાંચ મહિનામાં ૧૦ ઉપરાંતનાં નાની વયનાં દર્દીઓ કેન્સરમાં મોતને ઘાટ ઉતર્યા

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકાના વડ, છતડીયા. અને ભેરાઈ ૩૦૦૦ની વસ્તી વાળા સધ્ધર ગામડાઓ છે એટલે વડગામ તોબગીચાઓ નું ઘર છે. અહીં ઉત્પાદન સમગ્ર તાલુકા કરતા આ એક જ ગામમાં વડ વધારે પ્રમાણમાં જોવા મળે છે બીજી તરફ ભેરાઈ ઉદ્યોગિક ગામ છે તેમજ છતડીયા બગીચા વાળુ ગામ છે આ ત્રણે ગામમાં કેન્સરનો રોગ પણ ખૂબ જ છે અહીં પાંચ મહિનામાં ૧૦ ઉપરાંતના નાની વયના દર્દીઓ વડ, છતડીયા ભેરાઈમાંથી મોતને ઘાટ થયા છેઅને નાની કેન્સરનો રોગ અહીં થાય છે અને દર્દીઓ હજી પીડાય છે અને આ રોગ સરકારમાં આ ગામડામાં કેન્સરના દર્દીઓથી અજાણ હશે કેવાય છે કે વર્ષો પહેલા અહીંના પાણીના નમૂના લેવામાં આવ્યા હતા ત્યાર પછી કોઈ રિપોર્ટ કરવામાં આવ્યો નથી જેથી કરી આરોગ્ય વિભાગદ્વારા ખાસ ટીમ મૂકી તમામ ત્રણે ગામમાંદર્દીઓનું કરવું જોઈએ કે કયા કારણ છે આ ગામમાં રોગ થાય છે બીજી તરફ લોકોમાં એવી પણ ચર્ચા છે કે અહીં આંબાનું વાવેતર હોય કેળાનું વાવેતર હોય કે ચિકુનો વાવેતર હોય વાવેતર હોય ત્યારે આંબાના થડમાં કલ્તાન નામની પ્રવાહી દવા નાખવાથીઅથવા પાણીથીનખાતી હોવાથી કે ફળ પકવવાની દવાથી કે ગમે કારણે અહીંયા દર્દીઓ દર વર્ષે કેન્સર ના દર્દીઓ વધતા જાય છે ત્યારે દેશના વડાપ્રધાન આરોગ્ય માટે ખૂબ જ સહાય ૧૦-૧૦ લાખ દર્દી પાછળ ખર્ચ કરવા માટે આયુષ્માન કાર્ડ આપવામાં આવે છે પરંતુ આ ગામમાં આ સહાય ના કાળ હોવા છતાં કેન્સલ દર્દીઓ મોતને ઘાટ કેમ ઉતરે છે તે અંગેની સરકાર સહાય કરતા સંશોધન કરવું જરૂરી છે ત્યારે હવે આરોગ્ય મંત્રાલય દ્વારા કેન્સલ ગ્રસ્ત લોકોનું સર્વે કરવા માટે ને ડોક્ટરોની કેન્સલની નિષ્ણાંત ટીમ આ કેન્સલ કેવી રીતે પસરી રહ્યું છે કેટલા લોકોમાં અત્યારે પેસારો પ્રવેશ્યો છે કે નહીં અને કેટલા લોકોને છે તે તપાસ કરવા માં આવે તો વડ ગામ છતડીયા ગામ તથા ભેરાય ગામમાં આવા દર્દીઓ નવ યુવાનો મોતને ઘાટ ઉતરે તે અંગે સંશોધન કરવા માટે ખાસ જરૂર છે જેથી આગોતરા આયોજનમાં કઈ દવાઓ લઈ શકાય તેનો પણ આ વિસ્તારમાં ખ્યાલ આવે અંગોતરું આયોજન દવાનું લઈ શકાય શા કારણે થાય છે તે દૂર કરી શકાય સરકારે તો કરોડોની ખડકી છે આધુનિક સુવિધાઓ આપી છે મફત દવાઓ મળે છે પરંતુ આ ગામડા માટે કેન્સરનો પ્રેશર હોવાથી આ યોજનાઓ નિષ્ફળ જાય છે ગામના આગેવાનોનું કહેવું છે કે આરોગ્ય મંત્રી જિલ્લા આરોગ્ય અધિકારી અને આરોગ્ય સચિવ ગુજરાતસરકાર ગંભીરતાથી લઈ નિષ્ણાતટીમ લેબોટરી ટીમ ખાસ નમૂના લઈ આનું સંશોધન કરાવે આ પ્રશ્ન કરવું જોઈએ તેવી માંગણી આ વિસ્તારના આ ત્રણેય ગામોમાંથી ઉઠવા પામે છે.

#### ગત ઓક્ટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી

## અમરેલી જિલ્લામાં રૂા. ૧૪૨૦ કરોડનું રાહત પેકેજ મંજુર થયું પણ સાવરકુંડલાને અન્યાય

### સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રજુઆત સાથે વિરોધ પ્રદર્શન



સાવરકુંડલા, (સૌરભ દોશી)

ગુજરાત સરકાર સરકાર દ્વારા તાજેતર ઓકટોબર માસમાં થયેલ કમોસમી વરસાદ થી ખેડૂતો નાં પાકોને થયેલ નુકશાની સામે ૧૪૨૦ કરોડ રૂપિયા નું સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે તેમાં અમરેલી જીલ્લા ને આ સહાય માંથી વંચિત રાખવા આવેલ છે . અમરેલી જીલ્લા ખેડૂતો ને થયેલ અન્યાય સામે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરકાર સામે સુત્રોચાર અને રોડ ને છક્કાજામ કરી વિરોધ દર્શાવાવમાંઆવેલ હતો.

જેમાં અમરેલી જીલ્લા ને અવાર નવાર અન્યાય શા માટે? ગત વર્ષે પણ અમરેલી જીલ્લામાં કમોસમી વરસાદ ના કારણે થયેલ નુકશાની સામે થયેલ નાં હતા અને ખરેખર ખેડૂતો ને અન્યાય થવા પામેલ હતો, અમરેલી જીલ્લા ને જે નુકશાની વળતર ની સહાય માંથી વંચિત રાખવામાંઆવેલ છે જેથી અમરેલી જીલ્લા ને વિશિષ્ટ સહાય પેકેજ જાહેર કરવામાં આવે અને અમેરેલી જિલ્લાના ખેડૂતો ને થયેલ પાક નુકશાનું નું વળતર ચુકવવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા અને તટસ્થ સર્વે ની ટીમ બનાવીને અમેરલી જીલ્લા નો સર્વે કરવામાં આવે અને તેમનો અહેવાલ તૈયાર કરી તેમાં ખેડૂતો ને થયેલ ખરેખર નુકશાની દર્શાવીને સત્વરે સહાય ચૂકવવામાં આવે.

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો નાં પાક નુકશાન સામે તેમના દેવા માફ કરવામાં આવે તે માટે સાવરકુંડલા અને સાવરકુંડલા ના ખેડૂતો પણ હતા જેમાં નરેશભાઈ દેવાણી પ્રમુખશ્રી તાલુકા કોંગ્રેસ, વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા પ્રમુખશ્રી શહેર કોંગ્રેસ, હસુભાઈ સૂચક અમરેલી જીલ્લા કોંગ્રેસ અગ્રણી, મહેશભાઈ જયાણી અમરેલી જીલ્લા કોંગ્રેસ અગ્રણી, હાર્દિકભાઈ કાનાણી અમરેલી જીલ્લા કોંગ્રેસ અગ્રણી, હસુભાઈ બગડા અમરેલી જીલ્લા અનુ.જાતિ ચેરમેન, અશ્વિનભાઈ ધામેલીયા પ્રમુખ અમરેલી જીલ્લા સેવાદળ, ઈમરાનભાઈ જાદવ પ્રમુખ સાવરકુંડલા શહેર સેવાદળ, કાનાણી, દીપકભાઈ સભાયા ઉપ-પ્રમુખ કોંગ્રેસ સમિતિ, મહેશભાઈ ચોડવડીયા સાવરકુંડલા તાલુકા કિશાન સેલ, જસુભાઈ ખુમાણ, વિરોધપક્ષ નેતા તાલુકા પંચાયત સાવરકુંડલા,વિનુભાઈ ગુંદરનીયા કોંગ્રેસ અગ્રણી, રાજેભાઈ ચૌહાણ, હિતેશભાઈ સરિયા હાર્દિકભાઈ સાવલિયા, સંજયભાઈ, મેહુલભાઈ, ગોરધનભાઈ રાદડિયા, ગોરધનભાઈ અમરેલીયા, રાજુભાઈ જોગરાણા, અજયભાઈ ખુમાણ, દેવચંદભાઈ,દુધાત, જીગ્નેશભાઈ ભરાડ, ઘનશ્યામભાઈ દુધાત, નીર્મળભાઈ વાટલીયા, દેવશીભાઈ કરમટા વગરે તેમજ ખેડૂત મિત્રો દ્વારા સરકારવિરુધ્ધસુત્રોચાર કરવામાંઆવ્યો હતો. આમ ખેડૂતો ને થયેલ અન્યાય નો ભોગ બની રહ્યા છે ત્યારે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ અને સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ તેમજ ખેડૂત આગેવાનો દ્વારા સરકાર ને રજૂઆત સાથે વિરોધપ્રદર્શન કરવામાં આવેલ હતા જે અન્વયે સરકાર શ્રી દ્વારા યોગ્ય ઘટિત કરવા અપીલ સાથે વિનંતી છે.

## રાજુલાની સેન્ટ થોમસ સ્કુલ દ્વારા ચિત્ર હરિફાઇનાં એકથી ત્રણને પ્રોત્સાહિત કર્યા

### દિવાળી પર્વ નિમિતે ચિત્ર હરિફાઇનું આયોજન કરાયું



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા ખાતે થોમસ સ્કૂલ દ્વારા બાળાઓ દ્વારા વિવિધ પ્રકારની ચિત્રહરીફાઈ રાખવામાં આવી હતી જેમાંએક થી ત્રણ રંગોળીઓના નંબર આપવામાં આવ્યા હતા જેમાં બાળાઓએ ચિત્ર હરીફાઈમાં ભાગ લીધો હતો ખાસ કરીને બાળકો દ્વારા તિરંગો સાંજના આથમતો સૂર્ય તથા આદર્શ ગામડું વનસ્પતિઓ સહિતના રંગોળી શિરોડીના કલરથી રંગ પુરી કરાત્મક બનાવી હતી અને આ પ્રસંગે શાળાના આચાર્યએ ૧ થી ૩ પ્રોત્સાહિત પ્રમાણપત્ર અને એના વિતરણ કર્યું હતું આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ જણાવ્યું કે નવા વર્ષ અને દિવાળીઓમાં દરેક બાળકોએ પોતપોતાના ઘર પાસે દિવાળીના દિવસે કલાત્મક રંગોળી પૂર્વી તેઓ ઉપદેશ આપ્યો હતો આમ સેન્ટ થોમસમાં રંગોળી હરિફાઈથી બાળકોને પ્રોત્સાહિત કર્યાહતા અને શિક્ષક સ્ટાફ દ્વારા દરેક બાળકોએ નવલા વર્ષમાં બાળાઓએ ઘરે લક્ષ્મીજી શુભ લાભ વગેરે પોતાના હસ્તે રંગોળી અને ચિત્ર દોરવા ઉપર ભાર મૂક્યો હતો.

## અમરેલીમાં એડીએનપી દ્વારા દિવાળી પર્વની ઉજવણી

### ૩૦ એચઆઇવી બાળકોને ફટાકડા મીઠાઇ વિતરણ



અમરેલી,એડસ ગ્રસ્તો માટે કામ કરતી સંસ્થા એડીએનપી દ્વારા અમરેલીમાં દિવાળી પર્વ અનુલક્ષીને સંસ્થાના એચઆઈવી પોઝિટીવ ૩૦ બાળકોને દાતાઓ કેસરી ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ, રોટરી કલબ અમરેલી અને સ્થાનિક દાતાઓ દ્વારા મિઠાઈ, ફટાકડા, ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. તમામનું પુષ્પ ગુચ્છથી સ્વાગત થયું હતું. હોદેદારોએ પોતાના પ્રતિભાવ આપ્યા હતાં અને એડીએનપી સંસ્થા દ્વારા કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## અમરેલીનાં સાંસદશ્રી ભરતભાઇ સુતરીયાની ભારત સરકારનાં આવાસ શહેરી વિકાસ મંત્રાલય કમિટીમાં સભ્ય તરીકે વરણી

### શ્રી ભરત સુતરીયાની વરણી થતા અમરેલી સંસદીય મત વિસ્તારમાં ખુશી વ્યાપી : સર્વત્ર આવકાર



અમરેલી,

અમરેલીનાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાની ભારત સરકારનાં આવાસ શહેરી વિકાસ મંત્રાલયની કમિટીમાં સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. તેથી અમરેલી સંસદીય મતવિસ્તારમાં શ્રી સુતરીયાની નિમણુંકને સર્વત્ર આવકારી શુભકામનાઓનો ધોધ વહેતો કર્યો છે.

શ્રી સુતરીયાની નિમણુંક થતા ભાજપ આગેવાનો, કાર્યકરોએ પણ આવકારી ખુશી વ્યક્ત કરી છે.

## લાઠી અને લીલીયા તાલુકામાં ગાગડીયા નદીનું નવસર્જન

અમરેલી,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૮ ઓકટોબર, ૨૦૨૪ને સોમવારના રોજ અમરેલી જિલ્લાની મુલાકાતે છે. તેમની મુલાકાત દરમિયાન તેઓશ્રી લાઠીના સોલાર ગામ એવા દુધાળાની મુલાકાત કરશે. પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિવિધ વિકાસ કાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ થનાર છે. ગુજરાત રાજયને જળસંચય, રેલવે, માર્ગ સહિતની માળખાકીય સુવિધાઓની ભેટ મળશે. ગુજરાત રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનનાં સહભાગીદારીથી અમરેલી જિલ્લાના લાઠી અને લીલીયા તાલુકામાં આવેલ ગાગડીયો નદી પર સંગ્રહના કાર્યો થયા છે. ગાગડીયો નદીનો ઉદ્ભવ બાબરા તાલુકાના ચમારડી ગામે થાય છે તે ગાગડીયો નદી ૫૩ કિમી લંબાઈ ધરાવે છે. શેત્રુંજી નદી સાથેનું તેનું સંગમ સ્થાન ક્રાંકચ ગામે છે. ગુજરાત સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનનાં સહભાગીદારીથી થયેલા કામમાં હરસુરપુરથી ક્રાંકચ સુધીમાં ગાગડીયો નદીને ૨૯ કિમી લંબાઈમાં રુ.૩૫ કરોડના ખર્ચે અને પહોળી કરવાની કામગીરીનો પ્રારંભ વર્ષ ૨૦૧૭માં થયો હતો. આ કામગીરીમાં ૩૦ સરોવર, ૫ નવા ચેકડેમ અને ૫ ચેકડેમ રિપેરિંગ સહિતના વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. ગાગડીયો નદીને ૨૯ કિમી લંબાઈમાં આશરે ૩૨ લાખ ઘન મીટર માટી-કાપનું ડિસિલ્ટીંગ કરવામાં આવ્યું. ચેકડેમના પાળાઓના મજબૂતીકરણના કાર્યો પણ કરવામાં આવ્યા. આ કામોના ચેકડેમ અને સરોવરની જળસંગ્રહ શક્તિમાં આશરે ૩૨૦ કરોડ લીટરનો ઉમેરો થયો છે. ગાગડીયો નદીને પુનઃજીવિત કરવાના આ વિકાસ કાર્યમાં ૧૫ ગામની ૩૮૦૦ એકર જમીનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઈનો લાભ મળ્યો છે. ભૂગર્ભ જળ રિચાર્જ થતાં પાણીના તળ ઉંચા આવ્યા છે જેના લીધે પાણીની સગવડમાં વધારો થયો છે. આમ, ગાગડીયો નવસર્જન થયું છે.

LG Life's Good.
India ka Celebration
Celebrate this Navratri, by bringing home intelligent washing with exciting offers on LG Front Load Washing Machines.
CELEBRATION OFFERS
12X0 CONSUMER FINANCE EMI
1EMI OFF (on select LG Front Load Washing Machines)
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૭૦,૫૦૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪-૧૦-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

|| ૐ નમો નારાયણ || || શ્રી ઉમિયા માતાયે નમઃ || || જય ગોવર્ધન નાથજી ||
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવતું... દિવાળી કલેક્શન
એક જ ભાવ
ઉમિયા ફેશન
બ્રાન્ડેડ શર્ટ, પેન્ટ, ટી શર્ટ, ટ્રેક પેન્ટ
M to 6 XL અને ૫૦ લંબાઈ સુધી પેન્ટ
ફોર્મલ પેન્ટ
પાર્ટીવેર પેન્ટ
હાફ સ્લીવ શર્ટ
કોલર પોકેટ ટી-શર્ટ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી - 365601 (નાના આંકડીયા વાળા)

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
POLO PLUS પોલો પ્લસ CONTAINERS
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી10000 લિટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

રજી.સે.શ.૩૬૭૫૨ || સત્યમેવ જયતે || ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા - દિવાળી ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા. ૨૭-૧૦-૨૦૨૪ રવિવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એક્સટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર. ઓમનગર મેઈન રોડ. ચિતલ રોડ. અમરેલી.

દિવાળી ધમાકા ઓફર
૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### રાજ્યનાં મહેસુલ વિભાગે બદલીનો લીથો કાઢ્યો : ૧૯૪ જેટલા અધિકારીઓની બદલી - બઢતી

# અમરેલીના ડે. કલેક્ટરો, મામલતદારોની બદલી : બઢતી

### કુંડલા, અમરેલી, ધારી, બગસરાનાં મામલતદારો સહિત કુંડલાનાં પ્રાંત અધિકારી ધારા ભાલાળાને ગાંધીનગર, અમરેલીનાં મામલતદાર નિમાવતને સ્ટેમ્પ ડ્યુટીમાં, સુશ્રી દિપા કોટકને નાયબ ડીડીઓ તરીકે અમરેલી મુક્યાં, પ્રશાંત ભીંડીને માળીયા હાટીના, નાયબ કલેક્ટર પુજા જોટાણીયાને ગાંધીનગર મુક્યાં

અમરેલી,

ગુજરાત વહિવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ ૧ સંવર્ગમાં ફરજ બજાવતા મામલતદાર કક્ષાનાં અધિકારીઓની રાજ્યનાં મહેસુલ વિભાગ દ્વારા બદલીઓ કરવામાં આવી છે. રાજ્યનાં ૮૦ જેટલા અધિકારીઓને બદલાવતા સાવરકુંડલાનાં પ્રાંત અધિકારી ધારા એચ.ભાલાળાને ડેપ્યુટી સુપ્રિ. સ્ટેમ્પ ડ્યુટી ગાંધીનગર ખાતે અને સાવરકુંડલામાં જામનગથી ડેપ્યુટી ડીઈઓ શ્રી જેડ.વી.પટેલને મુક્યાં છે. અમરેલીનાં ડીએસઓ પીબી કુંભાણીને બદલી હાલ અમરેલી જ રાખ્યાં છે એજ રીતે અમરેલીનાં ડીએસઓ એમ.જી.સોલંકીને એસ.એસ.એન.એલ ગાંધીનગર તથા અમરેલીનાં ડેપ્યુટી ડીઈઓ બી.પી.સકસેનાને બનાસકાંઠાના ડીઈઓ તરીકે તથા ધારીનાં એ.પી.વ્યાસને ભાવનગરમાં ડેપ્યુટી ડીડીઓ તરીકે તથા અમરેલીનાં ડીઝાસ્ટર મામલતદાર પ્રતિક ઝાખડને પોરબંદર અને બગસરાનાં મામલતદાર આર.જી.ઝાલાને બોટાદ મુક્યાં છે. જ્યારે અમરેલીનાં મામલતદાર મામલતદાર રૂરલનાં એમ.જી.નિમાવતને સ્ટેમ્પ ડ્યુટી શાખામાં મુકવામાં આવ્યાં છે. રાજ્યમાં ૮૦ જેટલા અધિકારીઓની બદલીમાં નવ અધિકારીઓ અમરેલી જિલ્લાનાં હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

જીએસ કેડરમાં વર્ગ ૧ સંવર્ગનાં અધિકારીઓની પણ બદલી કરવામાં આવછે. જેમાં અમરેલીનાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દિપા કોટકને જામનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે તથા અમરેલીનાં સ્ટેમ્પ ડ્યુટી વિભાગનાં નાયબ કલેક્ટર સુશ્રી પુજા જોટાણીયાને મદદનીશ વિકાસ કમિશ્નર તરીકે ગાંધીનગર મુક્યા છે જ્યારે ગાંધીનગરનાં કુમારી કે.એ.રબારી નાયબ કમિશ્નરને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે અમરેલ મુક્યાં છે. જાફરાબાદનાં ટીડીઓ શ્રી વિજય મહાદેવભાઈ સોનાગરાને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બોટાદ મુક્યાં છે. ધારીનાં ટીડીઓ શ્રી શૈલેષકુમાર ચંદ્રકાંત ભટ્ટને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મોરબી મુક્યાં છે.

એજ રીતે મહેસુલ વિભાગનાં વહીવટી નિયંત્રણ હેઠળનાં મામલતદાર વર્ગ ૨ સંવર્ગમાં ફરજ બજાવતા અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. જેમાં બગસરાનાં મામલતદાર તીકે પ્રશાંતકુમાર અમૃતલાલ ભીંડીને ભાવનગરથી મુક્યાં છે. એજ રીતે ધારીનાં મામલતદાર તરીકે કૃષ્ણકુમારસિંહ ચુડાસમાને રાજકોટથી મુક્યાંછે. વડીયાનાં મામલતદાર મનહરસિંહ સોલંકીને ખેડા જિલ્લામાં પીઆરઓ તરીકે, બાબરાનાં મામલતદાર કુમારી જે.ડી.જાડેજાને રાજકોટ જમીન સંપાદન મામલતદાર તરીકે મુક્યાં છે. અમરેલીનાં શ્રી જીવનભાઈ મકવાણાને જીનાગઢ જિલ્લા પંચાયત પીઆરઓ તરીકે તથા અમરેલીનાં શ્રી વિજયકુમાર જીવકુભાઈ ડેરને પાલીતાણાનાં મામલતદાર તરીકે તથા અમરેલીનાં મહેશકુમાર દુર્લભભાઈ પરમારને મામલતદાર તરીકે હિંમતનગર તથા અમરેલીનાં મનોજભાઈ દિનકરરાય જાનીને મામલતદાર તરીકે તળાજા, અશ્વિનભાઈ ધીરૂભાઈ કુબાવતને અમરેલીથી ભાવનગર જિલ્લા પંચાયત પીઆરઓ તથા અમરેલીનાં કનુભાઈ ખોડાભાઈ વાળાને મામલતદાર તરીકે માળીયાહાટીના તથા અમરેલીનાં નિલેશકુમાર નટવરલાલ વિસાણીને મામલતદાર તરીકે મેંદરડા મુકવામાં આવ્યાં છે. અમરેલીનાં પ્રકાશકુમાર ભાનુશંકર જોષીને મામલતદાર તરીકે ચોટીલા તથા જાફરાબાદમાં મામલતદાર તરીકે ભાવનગથી મુકેશકુમાર ભગવાનદાસ લકુમ જ્યારે રાજુલાનાં મામલતદાર તરીકે જુનાગઢથી હરેશકુમાર ભાનુશંકર પુરોહિતને મુકવામાં આવ્યાંછે. આમ જીએસ કેડરમાં ૭૯ તથા વર્ગ-૨ માં ૪૪ અને મહેસુલ વિભાગમાં વહિવટી નિયંત્રણ હેઠળનાં મહેસુલ વિભાગનાં ૮૬ અને અન્યત્ર ૧૦૮ મળી કુલ ૧૯૪ અધિકારી કક્ષાની બદલીઓ કરવામાં આવી છે. અમુકને બઢતી સાથે બદલી પણ કરવામાં આવી છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે

## ખોડલધામ મંદિરે એસ્કેલેટર સુવિધાનો પ્રારંભ

### ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા વધુ એક સુવિધામાં વધારો થયો



અમરેલી,

શ્રી ખોડલધામ મંદિરે આવતા દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરમાં અનેકવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેમાં વધુ એક સુવિધાનો થયો છે. શ્રી ખોડલધામ મંદિરે દર્શન કરવા આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ જેઓ પગથિયા ચડી શકવા સક્ષમ ન હોય તેમના માટે એસ્કેલેટરની સુવિધા શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૫ ઓક્ટોબરના રોજ ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં એસ્કેલેટર સુવિધાના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. આ સુવિધા શરૂ થવાથી આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ કોઈપણ મુશ્કેલી વિના મંદિરે ઉપર જઈને દર્શન કરી શકશે.

## રાજકોટનાં નિવૃત સબ ઇન્સ્પેક્ટર જશવંતભાઇ ભટ્ટનું નિધન : શોક

### પરિવારજનો દ્વારા ચક્ષુદાન કરી બે દ્રષ્ટિ હિનોને દ્રષ્ટી આપી

અમરેલી,

રાજકોટ નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજના જશવંતરાય શાંતિલાલ ભટ્ટ (નિવૃત્ત સબ ઈન્સ્પેકટર) નું દુ:ખદ અવસાન થતાં સદગતના પુત્રો અજયભાઈ અને શૈલેષભાઈ તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. સ્વ. જશવંતરાય શાંતિલાલ ભટ્ટ નાં ચક્ષુ નું દાન ચક્ષુદાન અભિયાન સમિતિ નાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને વિવેકાનંદ યુથ ક્લબનાં અનુપમ દોશી અને જૈન સોશિયલ ગ્રુપ નાં આશ્રય કમિટી,આઈ ડોનેશન ડ્રાઈવ નાં ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. જે ડો શાહ દ્વારા સ્વીકારવામાં આવ્યું. ની પ્રેરણા થી ચક્ષુદાન કરી બે દૃષ્ટિ હિન બાંધવોને દૃષ્ટિ દાન આપ્યું. બન્ને સંસ્થાઓ નું આ ૧૨૯ મુ ચક્ષુદાન છે. શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન બાદ સ્કિન ડોનેટ અને ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

## અમરેલીનાં હોમિયોપેથ કોસ્મેટોલોજિસ્ટ ડો. ભવનેશ ભટ્ટનો આજે જન્મદિવસ

### ૨૭ માં જન્મદિવસે શુભકામનાઓનો ધોધ વહેતો થશે



અમેરલી,

અમરેલીના ડો. ભવનેશ ભટ્ટ, કન્સલ્ટન્ટ હોમિયોપેથ, કોસ્મેટોલોજિસ્ટ અને ટ્રાઈકોલોજિસ્ટ તરીકે જાણીતા છે, આજે તેમનો જન્મદિવસ છે. ડો.ભટ્ટનાં ૨૭મા જન્મદિવસ પર તેમના ચાહકો, મિત્રો અને દર્દીઓ અને વેપારીઓ સહિત વિવિધક્ષેત્રનાં અગ્રણીઓ તરફથી અનંત શુભેચ્છાઓ મેળવવા પાત્ર બન્યા છે. ડો.ભટ્ટ એડવાન્સ હોમિયોપેથિક સ્કિન એન્ડ હેર ક્લિનિકના સ્થાપક અને હોમિયોપેથીક કન્સલ્ટન્ટ અમરેલીમાં સફળતાપૂર્વક પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેઓએ પોતાના અભ્યાસ અને અનુભવે અમૂલ્ય પ્રતિષ્ઠા મેળવી છે અને સમાજમાં સ્કિન અને હેર કેર સંબંધિત વિવિધ સમસ્યાઓ માટે એક સર્વશ્રેષ્ઠ ઉકેલ પ્રદાન કરીને અનન્ય મકામ હાંસલ કર્યો છે. તેમના જીવનપ્રત્યેના નિષ્ઠા, મહેનત અને અનુભવને કારણે તેમણે અનેક દર્દીઓનું જીવન સુખમય બનાવવામાં યોગદાન આપ્યું છે. ડો. ભટ્ટને તેમનાં ૨૭મો જન્મદિવસ પર શુભેચ્છાઓ સાથે, ભવિષ્યમાં તેઓ વધુ સફળતા હાંસલ કરે અને નવી ઊંચાઈઓ સર કરે તેવી હાર્દિકકામનાઓ મો.૭૮૦૨૦ ૪૨૯૯૪ ઉપર પાઠવાઈ રહી છે.

### વિદેશથી ડોક્ટરની ડિગ્રી મેળવી ભારતમાં આવે તો તેણે ફરીથી પરિક્ષા આપવી પડે

# વિદેશમાં કોઇએ એમડી કર્યુ હોય તો પણ તેઓને એમબીબીએસ તરીકે રજીસ્ટ્રેશન મળે : ડો. ગજેરા

### ગુજરાતમાં પ્રેકટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી વિદેશથી ભણીને એમ.ડી. તરીકે પ્રેકટિસ કરે તો કાયદેસરની કાર્યવાહી થઇ શકે



અમરેલી,

અનેક વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે જાય છે. મેડિકલમાં વિદેશથી ભણીને આવ્યા હોય તેમણે ગુજરાતમાં ગુજરાત મેડિકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન લેવું પડે છે. બીજા રાજયોમાંથી ડિગ્રી મેળવી હોય તેઓને પ્રેકટિસ કરવા માટે રજીસ્ટ્રેશન ફરજીયાત છે. અને જો ન કરાવે અને પ્રેકટિસ કરે તો રજીસ્ટ્રેશન કેન્સલ પણ થઈ શકે તેમ ઈન્ડિયન મેડિકલ એસો.ના પ્રમુખ ડો. ગજેરાએ જણાવ્યું છે. વધુમાં એવું પણ જણાવ્યુ કે ભારતમાંથી ઘણા વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવા જાય છે. આવા વિદ્યાર્થીઓ ત્યાં પાસ થાય એટલે તેઓને ડિગ્રી આપવામાં આવે છે. આ ડિગ્રી ઉપર તેઓ એમ.ડી. તરીકે પ્રેકટિસ ન કરી શકે પરંતુ ઘણા વિદેશથી ભણેલા ડોકટરો એમ.ડી. તરીકે પ્રેકટિસ કરે છે. આવા વિદ્યાર્થીઓ વિદેશ જઈને ડોકટર થઈને આવે ત્યારે તેઓએ ભારતમાં એમબીબીએસની પરિક્ષા પાસ કરવી પડે અને પાસ થાય તો તેને એમબીબીએસની ડિગ્રી આપવામાં આવે છે. અને તેઓનું ડોકટરી રજીસ્ટ્રેશન એમબીબીએસ તરીકે જ થાય છે. તેથી આવા ડોકટરો પોતાને એમ.ડી. ડોકટર તરીકે ઓળખાવી પ્રેકટિસ ન કરી શકે. તેઓ પોતાના દવાખાનામાં વોર્ડમાં કે પોતાના પીસક્રીપ્સન પેપર ઉપર એમ.ડી. ન લખી શકે. ફકતને ફકત એમબીબીએસ જ લખી શકે. આજે તેઓ પોતાને એમબીબીએસ તરીકે જે રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવે છે તેને જ ઉપયોગ કરી શકે તેઓ એમ.ડી. લખીને જનતાની સાથે બનાવટ કરીને પ્રેકટિસ કરે તો તેની પર કાયદેસર પગલા લઈ શકાય અને તેઓનું રજીસ્ટ્રેશન કાયમ માટે રદ થઈ શકે. આવા વિદેશમાં ભણેલા ડોકટરો પોતાને એમ.ડી. તરીકે દર્શાવી જનતા સાથે છેતરપિંડી કરે છે. અને જનતાની જીંદગી જોખમમાં મુકે છે તો જાહેર જનતાને વિનંતી કે આવા વિદેશથી એમ.ડી. ડિગ્રી ધરાવતા ડોકટરોએ ધ્યાન પર આવે તો જિલ્લા આરોગ્ય અધિકારી અથવા ઈન્ડિયન મેડિકલ એશોશિએશન અમરેલીના પ્રમુખ કે મંત્રીને જાણ કરવા જણાવાયું છે. ગુજરાત રાજય બહાર બીજા રાજયોમાં કોઈપણ મેડિકલ ડિગ્રી મેળવી હોય અને તેમણે ગુજરાતમાં પ્રેકટિસ કરવી હોય તો ગુજરાત મેડિકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન લેવું ફરજીયાત છે. તેઓ એમબીબીએસ પીજી કરેલ કે સુપર સ્પેશ્યલ લિસ્ટનું રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય ગુજરાતમાં પ્રેકટિસ કરે તો તેઓનું રજીસ્ટ્રેશન કેન્સલ થઈ શકે છે અને તેમના ઉપર કાયદેસરના પગલા લઈ શકાય તેમ ઈન્ડિયન મેડિકલ એશોસિએશનના ડો. જી. જે. ગજેરાએ જણાવ્યું છે

## બોટાદના ગૌરક્ષક સામતભાઇ જેબલીયાનું સન્માન



બોટાદ,બોટાદ ના બહુમુખી પ્રતિમાં ધરવતા અનેક સામાજિક ધામિર્ક રાજકીય સંસ્થા સંગઠનો સાથે જોડાયેલા અને તેમા ઉડીને આખે વળગે તેવી ગૌરક્ષા ની શુભ કામગીરી કરી રહેલા અને ગૌરક્ષા સમિતિના ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી અને રાજ્ય ના ઉપાધ્યક્ષ બોટાદ ના જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ને સ્ટેજ ઉપર બોલાવી સંતો દ્વારા કેસરી દુપટ્ટો પહેરાવી વિશેષ સન્માન કરી તેમની ગૌરક્ષા ની કામગીરી ને બીરદાવતા સંતો મહંતો અને મહાનુભાવો અને આદર સાથે પ્રથમ હરોળમાં બેસવા નુ સ્થાન આપેલ આટલા લાખો સંતો મહંતો ગૌરક્ષકો જીવદયા પ્રેમીઓ જૈનાચાર્યો વિગેરેની બહોળી સંખ્યામાં ની ઉપસ્થિત મા માનસન્માન મળેલ તે સમગ્ર કાઠી દરબાર સમાજનું અને ગૌરક્ષકોનુ તથા રાષ્ટ્રીય રાજપૂત કરણીસેના તથા વૃંદાવન ગૌ સેનાનુ તથા તહેલકા પ્રિન્ટ એન્ડ ઈલેક્ટ્રોનિક મિડિયા નુ શ્રી સુયેસેના નુ તથા શીવસેનાનુ તથા જનસેવા ચેરીટેબલ નુ તથા રાષ્ટ્રીય વંદના મંચ નુ તથા ઈન્ટર નેશનલ જૈન બેગમ ફાવડેસન નુ તથા અન્ય સંસ્થા સંગઠનો નુ નામ રોશન કરેલ તેથી ચારે કોરથી બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ના મો,૯૮૨૪૩૯૦૧૩૩, ઉપર અભિનંદન શુભેચ્છા ની વેષા વરશી રહી છે

### શ્રી કડવા પટેલ સમાજ અમરેલી દ્વારા

# અમરેલીમાં નુતન વર્ષ સ્નેહ મિલન યોજાશે

### કડવા પટેલ સમાજ ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ કરતાં પ્રમુખશ્રી ઠાકરશીભાઇ મેતલીયા



અમરેલી,અમરેલી શહેરમાં વસતા કડવા પટેલપરિવારનું ૪૧મું સ્નેહમિલન તા.૨-૧૧-૨૪ને શનિવારના રોજ સવારે ૮-૪૫ કલાકે કડવાપટેલ સમાજ હનુમાનપરા રોડ અમરેલી ખાતે યોજાનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા કડવાપટેલ સમાજ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયાએ જણાવ્યું છે.

### લાલાવદરની સરકારી સ્માર્ટ સ્કુલમાં આચાર્ય તરીકે હેતલબેન કુંભાણી



અમરેલી,સરકારી સ્માર્ટ સ્કૂલ લાલાવદરમાં સ્પેશ્યલ કેટરના આચાર્યાશ્રી હેતલબેન મગનભાઈ કુંભાણીની નિમણુંક થતા શાળાના બાળકોએ હર્ષોલ્લાસ સાથે કુમકુમ તિલક કરી શાળામાં માનભેર સ્વાગત કર્યુંહતું. આ તકે એસ.એમ.સી સભ્યો તથા ઉપસરપંચ શ્રી ચેતનભાઈ ધાનાણી એ શુભેચ્છા સંદેશો આપી શાબ્દિક શુભેચ્છાઓ આપી હતી સુધીરભાઈ સતાણી, કંચનબહેન બાવીશી, ગીતાબેન ગજેરા, અજયભાઈ સોજીત્રા, કામિનીબહેન મહેતા, સુરેશભાઈ રાઠોડ અને વિભાબેન ગોહિલ એ નવનિયુક્ત બહેનશ્રીને શ્રીફળ પડો અને પુષ્પગુચ્છ આપી તેનું હાર્દિક સ્વાગત કર્યુ હતું. પુર્વ આચાર્યશ્રી રાજેશભાઈ પણસાળાએ હદયસ્થ આભાર વ્યક્ત કર્યો હતો.

### ડોળાસામાં શાળાના મેદાનમાં પાણી ભરાતાં બાળકો પરેશાન

ડોળાસા, કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સાતત વરસાદ ને કારણે ચોમાસુ પાક ને ભારે ફટકો પડ્યો છે.સાથે અહી એક શાળા ના રોડ ઉપર પાણી ભરાતા બાળકો ને એક એક ફુટ પાણી માંથી પસાર થવું પડે છે.ડોળાસા ગામે બાય પાસ ફોર ટ્રેક રોડનું કામ ચાલુ છે.અહી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા નાનુ પુલીયું અને ગટર નું કામ હાથ ધરાયું છે.પણ ગટર માં વરસાદ નું પાણી આગળ જતું નથી આ પાણી સોમનાથ એકેડેમી ના રોડ પર એક એક ફૂટ જમાં થતા આ શાળા ના બાળકો ને આ પાણી માં થી પસાર થવું પડે છે. આ બંધીયાર પાણી ના કારણે રોગ ચાળો ફેલાય તે પહેલા નેશનલ હાઈવે દ્વારા તુરંત આ પાણી નો નિકાલ થાય અને વરસાદ ના પાણી એકઠું ન થાય તેવી નક્કર કામગીરી હાથ ધરવામાં આવે તેવી શાળા સંચાલકો દ્વારા માંગ કરવા માં આવી છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### મીઠાઇ-ફરસાણની દુકાનો, દૂધની ડેરી, મેન્યુફેકચરીંગ યુનિટ, હોટલ-રેસ્ટોરન્ટમાં તપાસ

## ગીર સોમનાથ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન તપાસ

### ૪૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો અને ૧૩૫ કિ.ગ્રા. બગડેલા-અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

ગીર સોમનાથ,

ગીર સોમનાથ જિલ્લામાં ફૂડ સેફટી પખવાડીયાની ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગીર સોમનાથ દ્વારા લોકોના સ્વાસ્થને ધ્યાનમાં રાખી દિવાળીના તહેવારને અનુલક્ષીને વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. તહેવારોને અનુલક્ષીને મીઠાઈ તથા ફરસાણની દુકાનો, દુધની ડેરીઓ, મેન્યુફેકચરીંગ યુનિટ, હોટલ તથા રેસ્ટોરન્ટ અને રીટેઈલર-હોલસેલ સ્ટોલમાંથી બહોળા પ્રમાણમાં જુદા-જુદા વિસ્તારોમાંથી દૂધ અને દૂધની બનાવટ, માવો, ઘી, ખાદ્યતેલ, મરી-મસાલા, બેકરી પ્રોડકટ, પનીર, ડ્રાયફ્રૂટ ફરસાણ અને મીઠાઈની તપાસ થઈ હતી. તપાસ દરમિયાન સ્થળ પર જોવા મળેલા પડતર, વાસી તથા બગડેલા અને અખાદ્ય એવા આશરે ૧૩૫ કિ.ગ્રા. જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તથા અંદાજે ૪૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો તથા ૮૩૩ અલગ-અલગ ખાદ્યચીજ વસ્તુઓનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આમ, ગીર સોમનાથ જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાં જુદા-જુદા વિસ્તારોમાંથી કુલ ૨૩૩ પેઢીમાંથી જરૂરી ખાદ્યચીજોના ૨૬૦ જેટલા નમૂના લેવામાં આવ્યા. જે નમૂનાઓ તપાસ અર્થે ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# સાધુ સંપત્તિ નહીં સંતતિ માગે છે : મોરારિબાપુ

### મહુવાના કાકીડીની ‘ માનસઃ પિતામહ ‘કથાનો આજે વિરામ

મહુવા,મહુવા તાલુકાના કાકીડી ગામે એક સ્મરણ કથાના રૂપમાં રહેલી પૂજ્ય મોરારિબાપુના વ્યાસાસનની ૯૪૫મી કથા અનેક કીર્તિમાનો સાથે આવતીકાલે શનિવાર તારીખ ૨૭ઓક્ટોબર નારોજ વિરામ પામશે. આજની કથાનું મંગલાચરણ કરતાં પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે રામચરિત માનસમાં ૧૧ જગ્યાએ દેવતાઓએ દૂદુંભિ વગાડે છે. જેમાં જનકપુરમાં જાનકીમાનો પ્રવેશ અને પરશુરામની સ્તુતિ ,અયોધ્યામાં જાનકીજીના સામૈયા વગેરે પ્રસંગો સામેલ છે. રામ લક્ષ્મણ બંનેને વિશ્વામિત્ર પોતાના યજ્ઞ માટે દશરથજી પાસે માંગણી કરે છે.તેનો અર્થ એ થાય કે સાધુ કોઈ પાસે સંપતિ માગતા નથી પરંતુ તેની સંતતિ માંગે છે. એટલે કે એક અર્થમાં તેમની પાસે રામકાર્યની સતત માંગણી કરેછે. વિશ્વામિત્ર તો અકિંચન છે. આપણી ગતિ એવી હોય કે જેમાં બધાં જોતાં અને આપણે આગળ નીકળી જઈએ. ગુરુ માટે શિષ્ય સંપદા છે, યોગ્ય શિષ્ય મળે તે ગુરુની સંપદા છે. ભગવાન રામજી બધાના નિર્વાણ માટે આવ્યા છે. કોઈના મરણ માટે તે આવ્યા નથી. તેમને તાડકા અને બીજા અનેક અસુરોનું નિર્વાણ કર્યુંછે. વિશ્વામિત્રને તેની સતત પ્રતીતિ થાય છે .યજ્ઞ, દાન અને તપથી મળે છે. ભગવાન કરતાં ભજન મોટુંછે. તેથી વિશ્વામિત્ર રામને છોડીને પોતાના આશ્રમમાં આવે છે. વિયોગમાં આનંદ એવો મિલનમાં નથી.ભક્તિ વિયોગમાં સાકારિત થાય છે.યજ્ઞ, દાન, તપ માનવબુદ્ધિને રિચાર્જ કરે છે . આજની કથામાં બાપુએ અનેક સૂત્રાત્મક વાતો કરીને જીવનની અનેક જડીબુટ્ટીઓને શોધી આપી છે.જીવનની સાથે જે રીતે પ્રસિદ્ધિ મળે અને અન્ય લોકો તેમનો દ્વેષ કરે છે તે દ્વેષને કેવી રીતે ટાળવો તેની પણ ખૂબ મહત્વની જીવન ફિલસૂફી તેઓશ્રીએ વહાવી હતી. કથાના ક્રમમાં આજે વિશ્વામિત્રનું અયોધ્યામાં આગમન અને રામ અને લક્ષ્મણનું વિશ્વામિત્રના યજ્ઞના સંરક્ષણ માટેનું કાર્ય અને બાદમાં સીતા સ્વયંવર, સીતાજીનું રાવણ દ્વારા અપહરણ અને લંકામાં હનુમાનજીનો પ્રવેશ, લંકા દહન પ્રસંગોને ખૂબ જ રસપ્રદ રીતે વહાવીને બાપુએ શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતાં.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# વિસાવદરની પોલીસ ટીમે સોયાબીનના પાકની ચોરી કરનાર બે આરોપીઓને મુદામાલ સાથે ઝડપી પાડયા



જુનાગઢ, (હિતેશ પારેખ)

જુનાગઢ રેન્જ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયા,જીલ્લા પોલિસ વડા હર્ષદ મહેતા દ્વારા જીલ્લામાં બનતા ચોરીઓના વણશોધાયેલા ગુનાઓ અને આવા ગુના બનતા અટકાવવા તેમજ ચોરીની પ્રવૃતિ કરતા શખ્સોને પકડી પાડવા સુચના આપતા ના.પો.અધિ. હિતેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ વિસાવદરના પી.આઈ. આર.એસ.પટેલ, પી.એસ. આઈ. આર. એસ. ડામોર તથા પોલિસ સ્ટાફે વિસાવદરના નાની પીંડાખાઈ ગામેથી રાત્રિના સમયે વાડીમાંથી ૫૦ મણ સોયાબીન રૂ/.૨૯,૫૦૦ ની ચોરી થયેલ.તેમાં સીસીટીવી ,ટેકનીકલ સોર્સ અને અંગત બાતમીદારો મારફતે ગણતરીના કલાકોમાં મહિન્દ્રા મેકસીમો જી.જે.૧૧ ઝેડ ૧૬૨૩ સાથે મુદામાલ સહિત આરોપી જયેશ કાંતિભાઈ રાઠોડ તથા બલ્જીત સંજયભાઈ યાદવને ઝડપી પાડયા હતા.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## કચ્છ જિલ્લામાં ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા પ્રતિક ધરણા, ઉપવાસ ઉપર બેસવા પર પ્રતિબંધ

ભુજ,કચ્છ જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, નલિયા, દયાપર, મુન્દ્રા, માંડવી, ગાંધીધામ, અને રાપર તાલુકા સેવા સદનની બહાર કે અંદર તેમજ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષકની કચેરી ભુજ અને ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ.ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા મનાઈ ફરમાવવામાં આવી છે. આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને, સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલા ખાસ કિસ્સા તરીકે પરવાનગીને, સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનને લાગુ પડશે નહીં. જાહેરનામાનો અમલ તા. ૧૦/૧૧/૨૦૨૪ સુધી કરવાનો રહેશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૭-૧૦-૨૦૨૪ રવિવાર



(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### અનેક શ્રધ્ધાળુઓની આસ્થાનાં પ્રતિકસમા શ્રી રણછોડરાયજી મંદિરનાં ૧૦૫માં પાઠોત્સવ સાથે

# પીપાવાવધામમાં અન્નકુટ ઉત્સવ વિષ્ણુયાગ યોજાશે

**તા. ૨ શનિવારે બેસતા વર્ષે અન્નકુટ દર્શન અને તા. ૩ રવિવારે વિષ્ણુયાગ યજ્ઞ યોજાશે : પાટોત્સવ નિમિતે ગોવર્ધન પુજા, મહાપ્રસાદ તા. ૨નાં રોજ યોજાશે**

**સવારે હેમાદ્રી શ્રવણ, સ્થાપન અને દેવપુજા તથા બપોરે મહાપુજા અને બપોર બાદ મહાઆરતી સાથે પુર્ણાહુતિ કરાશે : તા. ૩ રવિવારે મહાપ્રસાદ યોજાશે**

રાજુલા, (કનુભાઈ વરૂ)પીપાવાવધામમાં શ્રી રણછોડરાય મંદિરનો ૧૦૫ મો પાટોત્સવ તથા અન્નકુટ દર્શન અને વિષ્ણુયાગયોજાનારછે. તા.૨-૧૧-૨૪ શનિવારે અન્નકુટ દર્શન ૧૧:૧૫ કલાકે અને મહાપ્રસાદ ૧૧:૩૦ કલાકે તથા ભાઈબીજી તા.૩ રવિવારે વિષ્ણુયાગ હવનનો ૯:૩૦ કલાકે પ્રારંભ થશે. મહાપ્રસાદ ૧૧:૩૦ કલાકે યોજાશે. પુજ્ય મોરારિબાપુની ઉપસ્થિતિમાં મહંતશ્રી કનૈયાદાસબાપુ અને સંતોની ઉપસ્થિતિમાં ધાર્મિક કાર્યક્રમો યોજાનાર છે. ગોવર્ધન પુજા તા. ૨-૧૧-૨૪ શનિવારે યોજાશે. વિષ્ણુયાગમાં હેમાદ્રી સવારે ૭:૩૦ કલાકે, સ્થાપન દેવપુજા સવારે ૯:૩૦ કલાકે, મહાપુજા બપોરે ૨:૩૦કલાકે, પુર્ણાહુતિઅનેમહાઆરતી સાંજે ૪:૩૦ કલાકે યોજાશે તેમ મહંતશ્રી મહેશદાસબાપુ, રણછોડરાય મંદિર, પીપાવાવધામદ્વારા જણાવાયુંછે. યજ્ઞનાં આચાર્ય પદે યશદાદા ભટ્ટ રાજુલાવાળા સેવા આપશે. આ કાર્યક્રમો માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

### શેડુભાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નીચેના

## જસવંતગઢ આયુષ્માન આરોગ્ય મંદિરની અનેરી સિધ્ધી

**૯૯.૧૯ ટકા કામગીરી કરી આરોગ્ય ટીમે ગૌરવ વધાર્યું**



અમરેલી, પ્રાથમકિ આરોગ્ય કેન્દ્ર શેડુંભાર તળેના આયુષ્માન આરોગ્ય મંદરિ જસવંતગઢ ને વર્ષ ૨૦૨૪ દરમ્યાન નેશનલ હેલ્થ સીસ્ટમ રસિોંસ સેન્ટર મારફત રાષ્ટ્રીય સ્તરે કામગીરી કરવા બાબતે ઉજ્જવળ જળહળતી સદ્ધિ પ્રાપ્ત કરેલછે. આ સર્ટીફીકેટ નેશનલ ક્વોલેટી એસેસમેન્ટ સીસ્ટમ મારફતે રાષ્ટ્રીય કક્ષાએથી તારીખ ૧૭/૦૯/૨૦૨૪ નારોજ રાષ્ટ્રીય કક્ષાએથી ટીમ મારફત તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ, તમામ કામગીરી, તમામ લક્ષ્યાંક પૂંણ કરવા, તમામ સેવાઓ પૂરી પાડવી સ્વચ્છતા જાળવવી, જેવા તમામ પ્રકારના કામની ચકાસણી કંપા બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવતું હોય છે. આયુષ્માન આરોગ્ય મંદરિ જસવંતગઢ ને કુલ ૧૦૦ માંથી ૯૯.૧૯ ટકા ની જળહળતી સફળતા મેળવેલ હોય જીલ્લા કક્ષાએથી ખુબજ અભનિંદન પાઠવવામાં આવેલ આ આયુષ્માન આરોગ્ય મંદરિ જસવંતગઢ ની સફળતા પાછળ અમરેલી આરોગ્ય શાખા ના મુખ્ય જીલ્લા અધકિારીશ્રી જોશી, ડો.સાલવી તેમજ નેશનલ હેલ્થ ક્વાલીટી ઓફસરશ્રી ડો. જાટ, ડો.એ.કે.સધિ મારફત તમામ પ્રકારનું મોગર્દશન પૂરું પાડવામાં આવેલ તેમજ આ સફળતા પાછળ ડો.મુકેશકુમાર સહિ, ડો.ઘડુક, ડો.વ્યાસ, ડો.વસિટ અગ્રાવત મારફત ટ્રેનીંગ અને માંગર્દશન પૂરું પડેલ આ તકે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર જસવંતગઢ ના ર્કમચારી ડો. હેતલબેન કુબાવત, વજિયભાઈ, દયાબેન તેમજ આશાબહેનો મારફત આ એસેસમેન્ટમાં ઈન્ટરવ્યું અર્જવેશન, મોકડ્રીલ, ર્દદીના ઈન્ટરવ્યું, વગેરે સ્ટેજ સફળતા પૂવક પસાર કરીને ૯૯.૧૪% સાથે આ સદ્ધિ મેળવેલ તેમજ આ સુવિધા જસવંતગઢ ગામના લોકો ને ગુણવતા સભર, ઝડપી, અને ઉત્કૃષ્ટ તેમજ ડીઝીટીલાઈઝેશન દ્વારા વનામૂલ્યે સેવાઓ અને આરોગ્ય શક્ષિણ અંગે જનજાગૃતિ અને સારવાર ગામડાના છેવાડાના માનવી સુધી મળી સહેશે. તેમજ આ NQAS સર્ટમિળવવાની તૈયારી છેલ્લા ૧ વર્ષથી કરવામાં આવી રહી હતી જેમાં ડો.જાનવીબેન માલવિયા, ડો.બોરીયા તેમજ પ્રા.આ કેન્દ્ર શેદુભાર ના દરેક સ્ટાફે અને દરેક સ્ટેજે મોગર્દશન અને અને મદદ કરેલ હતી અને એક ટીમ ર્વકથી રાષ્ટ્રીય સ્તરનું ર્સટીફીકેટ મેળવેલ હોય અને આ તકે જરાવતગઢ ગામના સરપંચશ્રી અશોકભાઈ માંગરોલીયા અને ગામ આગેવાન શ્રી જયસુખભાઈ દેસાઈ મારફત શુભેચ્છા પાઠવેલ જે માહતી તાલુકા હેલ્થ ઓફસિશ્રી અમરેલી ની યાદીમાં જણાવેલ છે.

## ગોઢાવદર શાળાના પુર્વ પ્રિન્સીપાલશ્રી ભુવાએ પોતાનો જન્મદિવસ નાના બાળકો સાથે ઉજવ્યો



ગોઢાવદર, (ભરત વિંઝુડા)લીલીયા ના ગોઢાવદર પ્રાથમિક શાળાના પૂર્વ પ્રિન્સીપાલ કરમશી ભાઈ રામજીભાઈ ભુવાએ તેમની પત્ની સાથે સ્કૂલ અને આંગણવાડીના નાના ભૂલકાઓ અને લીલીયા ગલ્સ સ્કુલની બાલીકાઓ સાથે ૮૦મો જન્મદિવસ ઉજવયો હતો ઉજવણી મા ઢોકળા નો નાસ્તો કરાવ્યો હતો. સ્કૂલના આચાર્ય વર્ષાબેન જોશી ને જે.પી.ભાસ્કર, ધવલ કુમાર જોષી અને સ્ટાફ એ શાલ અને પુષ્પ ગુચ્ચ આપી શુભેચ્છા આપી. સાથે વાણિજ્ય અને વિનયન કોલેજ આચાર્ય રાઠોડ સર, વિજયભાઈ ગજેરા, ગોકળબાપા, ભરત વિંઝુડા, વિપુલ દાદા, હરેશભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં કબુતરોને ચણની સેવાનો પ્રારંભ

**સિનિયર સિટીઝન સોસાયટી દ્વારા કરૂણા અભિયાન પ્રોજેક્ટ કાર્યરત**



અમરેલી,
સિનિયર સિટીઝન સોસાયટી અમરેલી દ્વારા ચાલતાં 'કરૂણા અભિયાન પ્રોજેક્ટ' છે અંતર્ગત ચિતલ રોડ ખાતે આવેલા તાત્કાલિક હનુમાન મંદિર માં કબુતર માટે ચણ પધરાવી રહેલા જયેશભાઈ તથા હર્ષદભાઈ બંનેને મંડળ વતી શ્રી કાચા, કનુભાઈ જોષી, જેરામભાઈ પટોળીયા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

### સરકારશ્રીનાં ૧૦માં તબક્કામાં

## રાજુલાનાં ગામોમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**ચારોડીયાનાં ૧૦૭ લાભાર્થીઓને સહાયનાં હુકમોનું વિતરણ**



રાજુલા, (કનુભાઈ વરૂ)
પારદર્શક માટે પ્રતિબદ્ધ સરકારશ્રીના દસમાં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આજરોજ રાજુલા તાલુકાના ચારોડિયા ગામે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન થયેલ જેમાં મામલતદારશ્રી ભગીરથભાઈ ચૌહાણ અને તાલુકા વિકાસ અધિકારી શ્રી ભરતભાઈ કલસરિયા તથા રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘ લી પ્રમુખશ્રી રમેશભાઈ ડોબરીયા સરપંચ એસોસિયન પ્રમુખ શ્રી મનુભાઈ ધાખડા આગરીયા સરપંચ શ્રી પ્રકાશભાઈ ખુમાણ સરપંચ શ્રી મગનભાઈ હરિયા કુંભારિયા સરપંચ શ્રી ભરતભાઈ દીપડીયા સરપંચ શ્રી પ્રેમજીભાઈ ઉપસ્થિતિમાં યોજાયેલ તથા દરેક વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ હાજર હતા.... જેમાં ખાસ કરીને ક્લસ્ટરમાં સમાવેશ ગામોના અઠવાડિયા અગાઉ બીપીએલ યાદીમાં ૦થી ૨૦ના સ્કોરમાં સમાવેશ થતા જેમાં લાભાર્થીઓની ઉંમર ૬૦ વર્ષ હોય તેવા લાભાર્થીઓને તાલુકા વિકાસ અધિકારીશ્રી સાહેબના અંતર્ગત તલાટી કમ મંત્રીઓ દ્વારા ઘરે ઘરે જઈ વૃદ્ધ સહાય તથા વિધવા સહાયનાં ફોર્મ ભરી લાભો અપાવેલ છે, ૧૦૭ લાભાર્થીઓને હુકમ આજરોજ મહાનુભવો હસ્તે વિતરણ કરવામાં આવ્યું તેમજ સરકારશ્રીની વિવેધ યોજનાઓનો સ્થળ પર લાભાર્થીઓએ લાભ મેળવેલ છે. તમામ વિભાગોને મળી ૧૩૮૫ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

## સાવરકુંડલાનાં ગાધકડામાં મોમાઇ આશ્રમ દ્વારા ૩૦ વર્ષથી કરાતી સામાજીક સેવાઓ

**સંસ્થા દ્વારા અગાઉ ૧૭૫ દિકરીઓને કરીયાવર પણ આપેલો**



સાવરકુંડલા, (સૌરભ દોશી)
સાવરકુંડલા તાલુકા ના ગાધકડા ગામ માં મોમાઈ આશ્રમ આવેલું છે. ત્યાં છેલ્લા ૩૦ વર્ષ આશ્રમ ના મહંત શ્રી શંભુ ગીરી બાપુ સામાજિક સેવાઓની વિવિધ પ્રવૃતિઓ કરે છે. જેના એક ભાગ રૂપે ગાધકડા તથા આજુબાજુ ના ગામો ની ૧૭૫ જેટલી દીકરીઓને કરિયાવર આપવામાં આવ્યો હતો.
આ કરિયાવર વિતરણ પ્રસંગે સાવરકુંડલા તાલુકા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી જીતુભાઈ કાછડિયા, તાલુકા પ્રમુખ શ્રી જીવનભાઈ વેકરીયા, જિલ્લા શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રી ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત સભ્ય શ્રી પુનાભાઈ ગજેરા, ભાજપ અગ્રણી શ્રી જયસુખ ભાઈ સાવલિયા વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ના અંતે સહકાર આપવા બદલ આશ્રમ ના મહંત શ્રી શંભુગીરી બાપુ એ દાતાઓ સાહિત સૌનો આભાર માન્યો હતો.

### અમરેલી ગ્રામ પંચાયત હસ્તકની

# રેતીકંકર અને સ્ટેમ્પડયુટીનાં કામો ગ્રામ પંચાયતની હસ્તક જ થશે : શ્રી કાછડીયા

**અમરેલીના પુર્વ સાંસદશ્રી નારણભાઇ કાછડીયાએ કરેલી ધારદાર રજુઆતને સફળતા મળી**



અમરેલી,
અમરેલી જીલ્લા પંચાયત હસ્તકની રેતી અને સ્ટેમ્પ ડયૂટીની ગ્રાન્ટ માંથી સમગ્ર જીલ્લામાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટનું પેકેજ કરી ઓનલાઈન ટેન્ડર દ્વારા એજન્સી ફીકસ કરી કામ હાથ ધરવામાં આવશે તેવી ચચાએ જીલ્લામાં જોર પકડયુ છે અને આ અંગે જીલ્લાના વિવિધ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓએ પણ અમરેલીના પૂવ સાંસદ અને ૧૦૮ તરીકેની ઉપમા ધરાવનાર નેતા શ્રી નારણભાઈ રજૂઆત કરતા પૂવ સાંસદે તાત્કાલીક જીલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે ટેલીફોનીક વાત કરી સમગ્ર બાબત અંગે તેઓનું ધ્યાન દોરી રજૂઆત કરેલ હતી.
જે બાબતે જીલ્લા અધિકારીએ પણ આ એક અફવા હોવાનું જણાવ્યુ હતુ અને જીલ્લા પંચાયત હસ્તકની રેતી કંકર અને સ્ટેમ્પડયૂટીની બંને ગ્રાન્ટો ગ્રામ પંચાયતના હેડે જ ફાળવવામાં આવશે પાંચ લાખની મયાદામાં કામો જે તે ગ્રામ પંચાયત જ કરી શકશે તેવું ડીડીઓએ પૂવ સાંસદશ્રીને જણાવ્યુ છે. તેથી અમરેલી જીલ્લાના સરપંચશ્રીઓએ આવી કોઈ અફવાઓ ગામમાં કોઈ સવે કરવા એજન્સી આવે અથવા તો કોઈપણ કમચારી ટેન્ડરની વાતો કહે તો તેની વાતોમાં ન આવવુ અને રેતીકંકર તથા સ્ટેમ્પડયૂટીની ગ્રાન્ટના પાંચ મયાદામાં કામો ગ્રામ પંચાયત જ કરશે. છતા સરપંચશ્રીઓને કોઈ મુશ્કેલી જણાય તો પૂવ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા અથવા તો તેમના કાયાલયનો સંપક કરવા પૂવ શ્રી કાછડીયાએ જણાવેલ છે.

### રાજકોટ શહેર ભાજપનાં પુર્વ કોષાધ્યક્ષ શ્રી અનિલભાઇ પારેખનો આજે જન્મદિન



અમરેલી, પ્રત્યેક વ્યકિતના જન્મદિવસ એટલે પોતાનાં જીવનમાં અનુભવનો વધારો એવા રાજકોટ શહેર ભાજપના પૂર્વ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખનો આજે જન્મદિવસ છે ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસના વરેલા અનિલભાઈ પારેખ પોતાનાં મંગલમય જીવનનાં ૭૩ વર્ષ પુર્ણ કરી ૭૪માં વર્ષમાં મંગલપ્રવેશ કરી રહયાં છે ત્યારે ઠેર ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. આજે અનિલભાઈ પારેખને તેમનાં જન્મદિવસે શહેર તમામ શ્રેણીનાં કાર્યકર્તાઓ તેમજ કાર્યાલય પરિવારનાં સભ્યોએ મો. નં. ૯૪૨૭૪૯૭૫૯૬ ઉપર ઠેર ઠેરથી શુભેચ્છાઓ મળી રહીછે.

## અમરેલી જિલ્લામાં નિરાધારોને રાશન કીટ વિતરણ કરાઇ

**બગસરા, કુંકાવાવ, કોલડા, નાના માચિયાળા, દેવકી ગાલોળનાં જરૂરિયાતમંદોને સહાય**



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)
અમરેલી જિલ્લાના બગસરા, કુંકાવાવ, કોલડા, નાના માચિયાળા, દેવકી ગાલોલ ગામમાં રહેતા દેવીપુજક, સરાણીયા, લુહારિયા, બજાણીયા મુસ્લિમ, દલિત, બાબર, વગેરે સમુદાયના વૃદ્ધ, અશક્ત, નિરાધાર અને ગંભીર રીતે બીમાર લોકો કે જે કામ નથી કરી શકતા તેવા ૨૫ અશક્ત પરિવારોને આ અવસ્થામાં લાચારીના ભોગવી પડે તે માટે દર મહિને રાશન કીટ આપવામાં આવે છે હાલ દિવાળી નજીક હોવાથી આ વૃદ્ધ માવતરના ઘરે દિવાળી થઈ શકે તે માટે મીઠાઈ, ઘી, અને આખો માસ ચાલે તેટલા રાશન કીટનું વિતરણ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા મિત્તલબેન અને ડિમ્પલબેનના હેઠળ કરવામાં

## અમરેલી દિપક હાઇસ્કુલમાં નિવૃતિ વિદાયમાન અપાયું

**ત્રણ શિક્ષકો નિવૃત થતા ભવ્ય સન્માન સાથે વિદાય આપી બિરદાવ્યા**



અમરેલી,
સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કૂલમાં સુદીર્ઘ સેવા આપી નિવૃત્ત થતાં શિક્ષકો, સર્વ શ્રી પ્રવીણભાઈ સેજુ, શ્રી અશરફભાઈ પરમાર તથા શ્રી સત્યકામભાઈ ભટ્ટ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં માનનીય જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મનોહરસિંહજી ગોહિલની અધ્યક્ષતામાં સંસ્થા દ્વારા તેઓનો વિદાય કાર્યક્રમ ૨૫-૧૦-૨૦૨૪ ને શુક્રવારે આયોજિત કરવામાં આવ્યો. કાર્યક્રમમાં પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી તુષારભાઈ જોષી, તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી નિલેશભાઈ ચાંપાનેરી, શાસનાધિકારી શ્રી આશિષભાઈ જોષી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત શ્રી સરિતાબેન દવે તથા શ્રી શિવાનીબેન વ્યાસ દ્વારા તૈયાર કરાયેલ પ્રાર્થના, સ્તુતિ, સ્વાગત ગીત દ્વારા કરવામાં આવી. સ્વાગત પ્રવચન સંસ્થાના વડા ડો. અમિતભાઈ ઉપાધ્યાય દ્વારા આવ્યું.
શિક્ષક શ્રી વિપુલભાઈ ધામત દ્વારા લાગણીથી ભરપૂર વિદાય ગીત રજૂ થયું ત્યારે અનેકની આંખમાં આંસુઓ આવી ગયા. ટ્રસ્ટ અને સ્કૂલ દ્વારા ત્રણેય શિક્ષકોને લાગણીસભર વિદાય સન્માન આપવામાં આવ્યું તો દીપક હાઈસ્કૂલ સ્ટાફ પરિવાર દ્વારા સુંદર રજત સ્મૃતિ ચિહ્ન આપી ભાવપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાને પચાસ વર્ષ એટલે સુવર્ણ વર્ષના શુભ અવસર પર સંસ્થા દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં પોતાના વિષયમાં ૯૦% કે તેનાથી વધારે પરિણામ લાવનાર શિક્ષકોનું રોકડ રાશિ અને સન્માન પત્ર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થાના શિક્ષકોએ એ રાશિ સંસ્થાને વિકાસ કાર્ય તથા વિદ્યાર્થી કલ્યાણ રાશિમાં એ રકમ સાભાર પરત કરી. સમગ્ર કાર્યક્રમમાં માનદ મંત્રી શ્રી રવજીભાઈ કાચા, તથા પ્રમુખ શ્રી કિશોરભાઈ મહેતાએ માર્ગદર્શન પૂરું પાડ્યું. કાર્યક્રમના અંતે સૌએ ભોજન પ્રસાદ લીધો. તેમ દીપક હાઈસ્કૂલના આચાર્યશ્રી ડો. અમિતભાઈ ઉપાધ્યાય ની યાદી જણાવે છે.

## ઉનામાં દિવાળી પર્વે જરૂરિયાતમંદોને વસ્ત્ર વિતરણ

ઉના, ઉના શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી એક દિવાળી માનવતાની સંગઠન દ્વારા રામના વાડી વિસ્તારમાં જરૂરિયાતમંદોને કપડાનું તથા ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું આ સંગઠન છેલ્લા ઘણા વર્ષોથી સેવા કાર્ય કરે છે ગરીબ અને મધ્યમ લોકો દિવાળી સારી રીતે ઉજવે અને તેના બાળકો પણ સારા કપડા પહેરે સારા ચપ્પલ પહેરે તે દિશામાં સેવા કાર્ય આ સંગઠન કરતું હોય છે તેમાં ઉના ગીર ગઢડા ધોકડવા અને વેરાવળ આ ત્રણેય ગામોમાં અલગ અલગ તારીખે તેમના મંડપ નખાય છે તેમનું વિશાળ સંગઠન અને મિત્ર મંડળ દ્વારા આ સેવા કાર્ય માં કોઈપણ ફાળો લેવામાં નથી આવતો તમામ મિત્ર મંડળ અને સંગઠન દ્વારા આ સેવા કાર્ય થાય છે.

